શ્રી

હરી ગાયન માળા.

તમામ નાટકના રાગથી

ભરપૂર.

રચનાર

કાલીદાસ બાપરસીંહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

કેસવલાલ છબીલદાસ.

સુરત ખોદાબક્ષ પ્રેસમા માસિક 'અરજણ' તથા
'ખોદાબક્ષ'ના પ્રગટ કરનાર એમ. જે.
પોન્ડવાળાએ છાપી.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫

કીંમત બે આના.

શ્રી

હરી ગાયન માળા.

તમામ નાટકના રાગથી

ભરપૂર.

રચનાર

કાલીદાસ બાધરસીંહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

કેસવલાલ છગનલાલ.

સુરત ખોદાબક્ષ પ્રેસમાં માસિક 'અજબ' તથા 'ખોદાબક્ષ'ના પ્રગટ કરનાર એમ. જે. પોરટવાલાએ છાપી.

સંવત ૧૯૫૧ સને ૧૮૯૫

કીંમત બે આના.

પ્રસ્તાવના.

અહો સુજ્ઞ પુરૂશો અમોએ હાલમાં હરી ગાયન નામનું પુસ્તક રચીને બહાર પાડયું છે તે એ આસાથી કે હાલના સોખીન મોજ સોકમાં માહલતાં હરીનું નામ ભુલી જાય છે તે માટે આ નાજુક પુસ્તક લઈ સોકીન સાહેબો હેત કરી વાંચશો એવી આશા છે, કારણકે અંદર નાટક રાગ ઘણા લીધા છે કે જેમાં રાણકદેવીના, પ્રતાપચંદ્રના, સદેવંતના, કેદારસીંહના, સીવાજીના બકાવલીના કેસરીસીહના, જગદેવના, લલીતાના એ ઉપરાંત ઘણા નવા પણ દાખલ કરવામાં આવ્યા છે તે માટે સોકીન સાહેબોને રલીઆમણી રમુજી આ પુસ્તક બોધ અને મન પ્રફુલ્લીત કરયા વગર રેહેશે નહીં.

ગ્રંથકર્તા.

મેહેરબાન પ્રીય ભાઈઓને અરજ કરવાની કે આ પુસ્તકમાં કોઈ બી ઠેકાણે ભુલ ચુક હશે તે સુધારવાની તસ્દી લેશો. તેનો ઘણો આભાર માનીશુ.

લો૦ કેશવલાલ છગનલાલ.

શ્રી

અર્પણ પત્રીકા

મેહેરબાન પ્રીયભાઇ ભીખારીદાસ ડાહ્યાભાઇ ત્થા છોટાલાલ મોતીલાલ એવન સાહેબે કંઇક વાતમા મદદ આપવાથી આ જુજ પુસ્તક અર્પણ કરીએ છે.

લી૦
ગ્રંથ કર્તા

૯૦૭૫

હરી ગાયન માળા.

શ્રી ગણેશ.



ગણપતીની પ્રાર્થના.

ગાયન ૧ લું.

(રાગ—દેવા કરણાં કરો)

જય વીભુત ગણેસ દેવા
હવનીસ ત્હારૂં નામ સમરીએ

સરણ ત્હારે ચરણ હરણ
કષ્ટ તુ દેવા   જયવીભુ
કુંડાળા દુઃખ ભંજન કરીએ
મધુ મુરતી કરૂ વીનંતી
જોઈ છતી-મુજ મતી
કરૂં હું સેવા.   જયવીભુ
બીનવીએ તુજને સંભુ સુત
ગણપત સુંડ દંત સીત સુત
લાગી ખંત અમરત
તુજ ગુણ ગાવા   જય વીભુ.

સરસ્વતી માતાની પ્રાર્થના.

ગાયન ૩જું.

આરતી

જય સરસ્તી માંતા જય સરસ્તી માતા
જીભ્યાએ વસજો માત હરી ગુંણ ગાતા જય સરસ્તી.
સેવક પર કરજો સાહે હે મુજ માતા (બેવાર)
પ્રતાપ તાહારા થકી હરી ગુણ ગાતા જય સરસ્તી,
મળે આપ કૃપાથી જ્ઞાન બહુ થાતા (બેવાર)
દાસ તાહરો કેહે છે થાયે સુખ સાંતા જય સરસ્તી

ગાયન ૩જું

દોહોરો.

સરસ્તી માંત પ્રણામ લેજો મારૂં
પુષ્તક રચવા હું ચીતમાં ધારૂં

શ્રી હરીની પ્રાર્થના

ગાયન ૪ થું.

ભુજંગી છંદ.

જય જય હરી અસરણ સરણ,
જનમ મરણ પ્રભુ દુઃખ હરણ.
એ પ્રભુ ભરણ તારણ તરણ,
દરણ સુખ કરણ ધરણી ધરણ

સેવક ઠરણુ આવ્યો ચરણુ,
જય જય હરી અંસરણુ સરણુ.
વરણુ સરણુ પૃથ્વી કરણુ,
ભકત કારણુ અભરા ભરણુ.
આવ્યો સરણુ ચરણ વીભીક્ષણુ,
કરયો તારણુ તરણુ હણ્યો રાવણુ.
સેવક ચરણુ તાક્ષણુ મરણુ,
જય જય હરી અસરણુ સરણુ.

ગાયન ૫ મું.

(રાગ વ્હા વ્હારે સનેહપુર.)

કકે કરન જન્મા પ્રભુ જાદવ કુળ માંહી,
ખખે ખેલ ત્યાં રચી માર્યા દૈત જતાંહી.
ગગે ગજ રાજ મુકાવ્યો શ્રી કૃપાલ
ઘઘે ધ્રુરાજ વીકટ વન લીધી સંભાળ.

ચચે ચતુર પ્રહલાદ ઊગારયો શ્રી ભગવાન,
છછે શ્રી નરસી ઊતારયું હરણાં કંસ માન.
જજે જદુપતી રાજ દાશી ને રાણી સ્થાપી,
ઝઝે ઝંપાપાત લાવી ગેડ ગોવાળને આપી.

ટટે ટટ જમના લીધા ચીર કદમે ચડીએ,
ઠઠે ઠબલોટ મારયો હરણાં કંસ હરીએ.
ડડે ડાકોર ગયા પૂરયા બોધાણાના કોડ,
ઢઢે ઢરણી ધર મ્હારાજ શ્રી રણુછોડ.

ણુણે ણુરશીક મેતાને આપ્યો જે હાર,
તતે તાપરો હરીચંદ્ર કો પ્રભુ વીસ્વ આધાર.

થથે થણુ ગણુ રાસ રચ્યો છે કૃશ્ન કેવા,
દદે દ્રુપતી લાજ સત રાખ્યુ તે દેવા.

ધધે ધરી વામણુ રૂપ બલીનું સત પણુ જોવા,
નને નંદ કુંવર જાય છે ગાવદી દોવા.

પપે પુરસોતમ પ્રભુ પરમ આધાર,
ફફે ફેણુ કાલી નાંગ હરી નાથ્યો નીરધાર.

બબે બલીરાજ રાજ આપ્યું પાતાલ,
ભભે ભગત ધના તણી લીધી સંભાળ.

મમે મારી મામા કંસ છોડવા બાપ,
યયે યરજુન સાથ પ્રીત વધારી આપ.

રરે રણુમાં ગયા શ્રી ત્રીભોવન નાથ,
લલે લસકર મારી દોણુ દુરજયોધન સાથ.

વવે વનચર લઈ લંકા પતી અતી રોળ્યો,
સસે સરણુ વીભીક્ષણુ હરીને આવી મળ્યો.

હહે હનુમંત વીર હરીએ ચરણે સ્થાપ્યો,
ળળે ળંકા ધડ રામે વીભીક્ષણુ આપ્યો.

ક્ષક્ષે ક્ષીર સાગર લે હરી સેસ આરામ,
સરણે રાખજો રામ ચરણે આવ્યો હું સ્યામ.

ગાયન ૬ઠું.

(રાગ—ક્યાં ગયો છોડી દીલજાન)

સું લીલા હરી તારી અતી ન્યારી,
રહ્યો હું ચકીત બલીહારી.
તન બનાવ્યું બંગલા જેવું,
કામ સુંદર છે સાર.
લીલા માંહે બહુ માયાની,
દાન પુન અંન્ન અહાર. આ સું લીલા.

સજયાં કાયા પર દસ દરવાજા,
બાહાર ઘણા સણગાર.
ધરયા હાથ પગ માથું બીજા,
રહ્યા અને કંસહાર. આ સું લીલા.

સી કહું સોભા તેહની,
હરનીસ રહી ચમકાર.
કેમ ભુલ્યો તું પ્રભુને ભજતા,
છેવટ ઝરે અંગાર. આ સું લીલા.

ગાયન ૭મું.

(રાગ—બાલની છંદ.)

સુંદર શ્યામ ગુણ ગાવું પ્રભુજી
રહી નીસદીન હું તુંજને ભજુજી
તમે જનમ્યા જાદવ કુળ માંહી
દઈત અતી મારા પ્રભુજ વાહી

ક્ષર દુક્ષર તીસાંરા સાથ મારી
નીતે કરૂં હું સેવા તમારી
ફરી અવતરયા પ્રભુ નરહરી
લીધો ઉગારી પ્રહલાદ તહારી

આવ્યો ધ્રુરૂજી તાહરે ચરણ
જુગ જીવણ અસંરણ સરણ
નીરનતર છો પ્રભુ અવિનાશી
અમરા ભરણ છો કૈલાસ વાસી

દાસ ત્હારા ને લે ઉગારી
લખું અરજી સરસ્તી ચીત ધારી
તમે ભગતજનની લો છો સંભાળ
થાયે સુખ સાંન્તી હમને કૃપાળ

કૌરવ મારી લીધી સંભાળ
રણે રીઝવા પાંન્ડુ દુઃખ ટાળ
કાગ કીધા અતી અવીનાસે
લીધા ઉગારી ભગતોની ધાઇ વાંસે

દાસ ત્હારા સદા ગુણ ગાસે
સદા સાહે તે અને તુજ થાસે
બાલક છું હું સેવક ત્હારો
ધરો વીનંતી દીલ પાર ઊતારો

રચ્યું પુસ્તક માટે આપે પ્રધારો
રી હરી મમ પર સાહેમારો
હરનીસ બગ્યું છું પ્રભુજ પ્યારા
વારી વારી પ્રણામ માની લેજો મહારા

ગાયન ૮મું.

(રાગ—ક્ષત્રી કલંકનો)

પ્રભુ આવ્યો છું ત્હારે હું સરણુ—હરીભવ તારણુ તું છે રે
સાંયે થાવો અભરા ભરણુ હરીભવ
નીપજાવી છે અનેક વરણુ હરીભવ
જગપતી છો ધરણી ધરણુ હરીભવ
આવ્યો ધ્રુર રાજ ત્હારે ચરણુ હરીભવ
રાખ્યો તેં પોતાને સરણુ હરીભવ
ગજ ઉગારયો જળથી મરણુ હરીભવ
મારયો કૌરવ સેનમાં કરણુ હરીભવ
મારયો લંકાપતી રાવણુ હરીભવ
કરી ભગત સાયે વીભીક્ષણુ હરીભવ
છો સેવકનાં દુઃખ હરણુ હરીભવ
ઠરો સાહે આવ્યા તુજ ચરણુ હરીભવ

ગાયન ૯ મું.

(રાગ—પ્રભુ તેરે નામકી લહે લાગી.)

જગત તાત વંદન તુજને કરીએ (બેવાર)
હરનીશ તાહરે ચરણ રહીને નામ ત્હારૂં સમરીએ
સાહ્યે થાવો હે પ્રભુ કૃપાળુ પ્રણામ તુજને કરીએ જગત.
તુજ સાહેથી સરવે પળાએ નીકર અથડાઈ મરીએ
સેવક ત્હારા પર કૃપા કરો તો હમે પાર ઉતરીએ જગત.

ગાયન ૧૦મું.

(રાગ—ધમરામણુ મુજને આવે છે ધડપણમાં ઘણી રે)

સરણે તાહરે આવી રે વીનંવીયે હરીને રે
ચરણે લાગુ તહારી કર જોડી પ્રભુને રે
જાદવ કુળમાં જનમ્યા ભગવાંન રે
દઈત તણા ઉતરયા માન રે
ગજ મુકાવીયો જઈ પ્રભુ કૃપા કીધી તંહી સરણે.
વધ નાહનો ધુજી બાળ વીકટ વંન લીધી શંભાળ
મારયો હરણ્યુ કંસરાજ ત્યા ઊગારયો પ્રહેલાદ સરણે.

ગાયન ૧૧મું.

(રાગ—રસીલી છબીલી નારી.)

ગીરધારી મોરારી તંમ પર જાવું વારી
સેવકનાં દુઃખ હરતા છો
પસુ પક્ષી ને જીવ જંતુઓ
સર્વના તમે કરતા છો
દુઃખડા સરવે હરતા છો
અસુર સરવે ડરતા છો
સરવેના તમે કરતા છો
હાં એજ હરતા છે
હા એજ કરતા છે
લખું અરજી થઈ મરજી
ધરૂ મરજી ભજુ હરજી
સરવેના તમે કરતા છો

ગાયન ૧૨મું.

(રાગ—નીર ભરવા ગઈતી રે)

હે મોહન મોરારી રે લ્યો વીનતી માહરી
થાવો સાહે હમોને રે સેવક તાહરા જાણી

સાખી ૧લી,

રાય રાવણ મારીને આપ્યું વીભીક્ષણ રાજ
સભા કૌરવની મધે રાખી દ્રૌપતી લાજ
આસા રાખું હમોને રે થસે સાહે પ્રભુ પ્યારા
દીન રાત ભજું છું રે તહને મોરલી વાળા—હે મોહ.

સાખી ૨જી.

સેઠ સંગાલસા પાળતા સત્ય તે હમેશ
સત્ય જોયું તેહનું લાજ રાખી પ્રમેશ
કરૂં સેવા તમારી રે નીસદીન જપું માળા
ટાળો દુઃખડા હમારા રે પ્રભુ ક્રશ્ન કાળા . હે મોહ.

સાખી ૩જી.

નીશદીન ચીત્તવન કરૂં લઉં છું તાહરૂં નામ
કરતાં હરતાં શ્રી હરી પોતે સુંદર સામ
માહરી વારે તું આવી રે કરો સાહે પ્રભુ પ્યારા
લે હમને ઊગારી રે સેવક છઈએ તાહરા હે મોહ,

સાખી ૪થી.

જગત તાત હે ઈશ્વરા સેવકના પ્રતીપાળ
પસુ પક્ષી જીવ જંતુઓ સહુની લે સંભાળ
મ્હારા પ્રભુજી પ્યારા રે કહું છું હું તમને
કર સુખીઆ હમોને રે વારીવારી કહું છું તુંને હે મોહ

ગાયન ૧૩મું

(રાગ—સીસ નામું હે કૃપાળુ આધપંમ્યા ઈશ્વરા)

સીપ નામું હે કૃપાળુ વાહરે ધાઓ ઈશ્વરા
દાસ દુઃખ દુર કરો આરાધુ પરમેશ્વરા

સેવકોના સાહેકારી મુજ આધાર તું
હે દયાળુ દીન દાસને દાનનું વચન તું

દાસ તાહરો ઊમેદવાળો સાહે કર તું મહને
વારે વારે શીસ નામી વીનવું હરી તને

ગાયન ૧૪મું.

(રાગ—કોઇ હાલ કહો જાકે મોરી પરીકો સમજા કે)
પ્રભુ કરૂણા ગતી ત્હારી, સુનો તમે અરજ મ્હારી
મુત્યુ લોકમાં નીસદીન તુ લે છે મારી સંભાળ
વેરી છે કાળ, આવે શીર બાળ, દુઃખજ તાળ
સાચે થાવો મારી—પ્રભુ કરૂણા.
દીનાનાથ દીનબંધુ રાખજો તુજ પાસ
હૈયે વીસવાસ તારી જે આસ મુને છે ખાસ
હમને લે ઊગારી.—પ્રભુ કરૂણા.

ગાયન ૧૫મું.

રાગ—આજ અપાર છે આનંદ અંગે.)
નીસદીન આનંદ છે મુજ અંગે નીત હરીના ગુણ ગાતા

સેવા કરૂં હું તત્પર થઈને સંભારૂં નીત દુઃખ હરતા—નીસ
આઠ પોહોર ને ચોશઠ ઘડીએ સમરૂં છું હું જગકરતા—નીસ
હરી ભજન કરવું નીતે પછી નીસચીંત છે ફરતા—નીસ.
શ્રવણુ હરીએ નામ તમારૂં દુઃખ હરીને સુખ કરતા—સની.

ગાયન ૧૬મું.

(રાગ—(નવો) જાવોજી જાવોજી આહવા સાખી)

હરી અભરા ભરણુ છો તમે
મરણુ જીવણુ આધાર છો તમે

ચરણુ સરણુ રાખો પ્રભુજી મને
તરણુ તારણુ ધરણી ધરણ તમે

સાખી ૧લી.

અલ્યા સલ્યા થઇને પડી અંજા મેલ ગુણુકાનાર
તમારે ચરણુ ઓધરી તમે ઊનારી પાર
ભરણુ મરણુ જીવણુ સરણુ ચરણ
ધરણુ તરણુ છો તમે—હરી અભણુ.

સાખી ૨જી.

દુરજયોધન દુઃખ પામ્યો ઘણું હરીશ્ચંદ્ર ને સુખનાથ
સત રાખ્યું સેવક તણું વકુંઠ તેડયો સાથ
ભરણુ મરણુ જીવણુ સરણુ ચરણુ
ધરણુ તરણુ છો તમે—હરી અભણુ.

સાખી ૧૭.

સેવક છઈએ તાહરા હે ધરણી ધરણ
ભવ જળ પાર ઊતારી દે આવ્યા છે તુજ ચરણ
ભરણ મરણ જીવણ સરણ ચરણ
ધરણ તરણ છો તમે—હરી અભંગ.

ગાયન ૧૭મું.

(રાગ—મેરે તો શ્રી રામ નામ દુસરા નહીં રે)

સ્યામ સુંદર લાલ મોહન મુરલી બજાવે
જસોદા કે લાલ સ્યામ મુરલી બજાવે
સુરશીલી બંસી તારી સુધ બુધ ગઈ સઉ મારી
જાવું વારી વારી ગોધેન ચરાવે—સ્યામ.
ગીરધારી મોહન મોરારી ભત કાલી જમી શું સારી
મોહી રહી બીજ બંન કીનારી સ્યામ શુંદર સોહાવે.
—સ્યામ.

ગાયન ૧૮મું.

(રાગ મદન દુઃખ દે દેહેમા બહુ રે)

નરહરી સુનો વીનંતી હું કહું રે,
દીનરાત વળી પ્રભાત મનુષ્ય જાત.
પ્રાણી માત્ર આધીન તુજ સઉ રે—નરહરી.
ધરણી ધરણ આવ્યો સરણ નમુ ચરણ.
ભટ હરણ વારી વારી શીસ નામી વીનવું બહુ રે
—નરહરી.

ગાયન ૧૯મું.

(રાગ—જાવો જાવો મંહીઆરી)

પ્રભુ હમારા-પ્રાણ આધારા-પાપ નીવારા
પ્રાણથી પ્યારા છો.
સેવક ત્હારા- છે દુઃખીઆરા (કાપ) કષ્ટ હમારા
દુઃખ નીવારા છો
જનમ મરણ છે તુજ હાથે હરી હર દીન દયાળ
જગત સરવે નં તું છે માથે સેવકના પતીપાળ
પ્રભુ હમારા—પ્રાણ આધારા
મૃત્યુ લોકમાં જનમ આપ્યો સાને દે છે દુઃખ
સેવક જાણી મેહેરબ્જ આણી કરો હમોને સુખ
પ્રભુ હમારા-પ્રાણ આધારા.
દીલમાં છે તલસણા જોવા તારં મુખ
કૃપા કરી પ્યારા હરી ભાગ હમારી ભુખ
પ્રભુ હમારા-પ્રાણ આધારા.

ગાયન ૨૦ મું.

(રાગ—અગીર પચમા દીસાળા સકોમલ કેવા.)

કૃષ્ણ રૂપે દીસાળા પ્રભુ બાળા કેવા
શ્યામ સુંદર બાળા નમુ હું કૃષ્ણ કાળા
જોયા મોહ્યા મોરલીવાળા. હા-પ્ર-ભુ-હા
રાસ રચ્યો લીલા કરી સુ કૃષ્ણ કાળા
મોર મુગટને ગળે મોતીની માળા,

પીતાંબર પેહેરયા પીળા
સોહએ પતકા લીલા. હા-પ્ર-ભુ-હા.
બાહે બાજુ બંધને લલાટે ટીલા
જગત તણા ધણી છો સભાવે સીળા
પ્રભુ મોરલીવાળા છો પ્રભુની રાગા. હા-પ્ર-ભુ-હા
નીસદીન કરૂં હું હારી સેવા
આપો પ્રભુજી મનગમતા મેવા,
સુખ આપો દેવા નીતે કરૂં હું સેવા. હા-પ્ર-ભુ-હા

ગાયન ૨૧ સું.

(રાગ—બોલ મેરે પ્યારે લગા ઘુંઘતકા બજાર)

હરી તારે ચરણે આકે ખડા હુ આ વાર
આવ્યો તાહરે હુ કોળ કરીને
ભગતી ના કરી તુ આવ્યો ફરીને
ઉભો છુ તાહરે આધાર હરી.
જાવું છે સ્વર્ગ અગરજો નરગે
માર ગાહે વો જીવાર. હરી

ગાયન ૨૨ સું.

(રાગ રંભા રૂપાલી બાલી)

પ્રભુ હારી ગતી અતી ન્યારી
જાલનદર જીતનાર તમે છો
કોડ પોહચાડય દીન દયાળ તહમે છો
અહલ્યા નારી તારી. પ્રભુ

જમના ગંદ સંકર સુભદેવ
ઉભ્યા સમ્રત રાખ્યા માહાદેવ
કુબજા કરી પ્યારી.   પ્રભુ

રાવણ નીરધાર રાખી રામ
ભગત વીભીક્ષણ આપ્યુ ધામ
છો દાંનકર મોરારી   પ્રભુ

કરગરી કંહુછુ મ્હારાજ
સેવકની રાખો તમે લાજ
ભગતના સાહેકારી   પ્રભુ

ગાયન ૨૩ મુ

(રાગ—લાજ લીધી જરૂર લાજ લીધી)

લાજ રાખો પ્રભુજી લાજ રાખો
હમપર દયા દ્રષ્ટી દાખો   લાજ રાખો

આવી ચરણે છે ઉભા તમારે
પાર ઉતાર આસા છે હમારે
સુખ સાન્તી આપક હમારે
કરો હમોને સાહે-આવી બાહે લાજ રાખો

કરતા હરતા છો સુંદર સ્યામ
નીત લઇએ છે ત્હારૂ નામ
છો સુંદર સરૂપી કામ
મ્હેર લાવી દીલમાહે-આવી બાહે લાજ રાખો.

હરી ભજન માળા.

ઇશ્વર પ્રાર્થના.

ગાયન ૨૪ મું.

(રાગ—શ્રી જગપતી પ્રભુ આપ સુદ્ધ મતી.)

જય ગણેસપતી પ્રભુ આપો સુદ્ધ મતી
અંબેમાત વંદન કરૂ હે સરસ્તી (ટેક)
રાવણ મારી લંકાબાલી કરયુ ભગતનુ કાજ,
અસુર સરવે તે હન્યા હાથે વીભીક્ષણ આપ્યુ રાજ જયગણેસ
કૌરવ સાહારી પાન્ડુ ઉગારી રાખી દુરૂપતી લાજ,
ત્રણ કદમ વચ્ચે બલીનુ લીધુ આખુ રાજ. જયગણેસ
પૂરશોતમ પર દુઃખ ભંજન જગતના આધાર,
વારવાર વીનવીએ તુજને હો પ્રભુ નીરાધાર. જયગણેસ
સાહે થાજો સેવકપર મ્હારા હરી હર દીન દયાળ,
દુઃખડા સરવે કાપી નાખી સુખ તુ મુજને આળ. જયગણેસ

ગાયન ૨૫ મું.

(રાગ—ધીરજ ધરરે-મત ડર તુ કુવર તુ દીલમે)

ધરમ કુચ કરરે-ભવસાગર તરજા પ્યારે,
દીયા મનખાદેહ તુજભારી—કયું કરતા જાન ખુવારી.
પુન કુછ કરરે ભવસાગર તરજા પ્યારે.

દેહ ધરી મનુસકી-હરીપર કરના પ્રીતે
આઠ પ્હેર ચોસેઠ ઘડી પ્રભુ સુલગાના ચીતે,
ધરમ કુચ્ય કરરે   ભવસાગર તરજ્ઞા પ્યારે.
હે મોહ માયા સબ વૃથા—યા સનસાર હે સબ જુઠા.
સમજ જીવભજરે   ભવસાગર તરજ્ઞા પ્યારે.

ગાયન ૨૬ મું.

(રાગ—કેમ સીસોદીઆની રીત વીસારી દાડે)

કેમ ભુલી ગયો ભગવાન નફટ નાદાને,
તુ કર ભગતી અતી મુરખ હેવાને.
કહ્યરમરી લે કીરતાળ દીન દયાળ,
છે સેવકના પ્રતીપાળ લેસે સંભાળ.
નઠોર થઈ તુ કઠોર વચનજ બોળે,
ન સમરો તે ભગવાંન ખરની તોળે.
નહી સેવ્યા તે જગતાત આળ પંપાળ,
નીસદીન રહી તુ સમર પ્રભુ કૃપાળ.
તુ સમજીનેલે ગ્યાન સુમર તતકાળ,
વૈકુઠ જઈ તુ બેશ વાજીને દયાળ.

ગાયન ૨૭ મુ.

દોહ્‌રા

કાયા ધરી મનુસની માયામા લપટાઈને,
મુઢ મુરખ તે જાણુવો ખર જેવો તે ભ.ણો.

ગાયન ૨૮ મું.

(રાગ—સખી વીરહજનની પીડ વીરહી જાણે છે)

હરીના ગુણુનો સ્વાદ હરી જન જાણે છે,
મુરખ લેખે નહી મન માહે મોઝ માણે છે.

સાખી ૧ લી.

હરી ગુણ સ્મરૂતથી મીથો ઘણેરો જાણ,
પીયે તે નર સમજતા અમર થાયછે પ્રાણ
સ્વર્ગ પ્રમાણે છે દુષ્ટ પાપી જન જે કરે તે હાણે છે,
પુરસોતમ જગત આધાર સરવે જાણે છે હરીનાગુણ.

સાખી ૨જી.

મુઢ નર પાપ અતી કરે-કરે જીવની હાણ.
નીરચે તેને જાણજો નરકે જસે તે પ્રાણ-જમ તેને હાણેછે
પ્રભુ ભજન સાંભળવા કાજ આપ્યા કાને છે,
તુજ મનખા દેહનો જીવ જંતુ પ્રમાણે છે હરીના ગુણ,

સાખી ૩જી.

જનમી હંસ તે બન્યો લીધુ ના પ્રભુ નામ.
કરતો હરતો શ્રી હરી-ધરમે ના ખરચ્યુ દામ-આવ્યો સાનેછે
જે કરેલ હસે પુન પાપ સાથે પરાણે છે,
ચેતરે પાપી જીવ સીદ અજાણે છે હરીના ગુણ.

સાખી ૪ થી.

સમજી જીવ સત ચાલજે ધરમ કર ધરી ધીર,
શ્રી હરીના સેવા કરો ઉતરો ભવસાગરતીર-ભુલે તુ સાણેછે
જે ધરમી ધણો સરદાર ધરમજ જાણે છે
કોઇ સતગુરનો શીસ ગુર સીખ માને છે હરીના ગુણ.

ગાયન ૨૯મું

રાગ—પારણુના ત્રપ નથી તુજ મોહોલે.

હરી ભજો વીણુ એક ન આરો ભજન કરી લેજી
સેવા કરે જે ધરી ચીત્ત રાખે છે પ્રભુ તે પર હીત
તરો તે ભવસાગર ખચીત સાહે થાયે છે પ્રભુજી હરી.
કબીર ઊપર કરી કરૂણા દીધા દરસન શ્રી નરહરીના
કામ કરયા ભગતોના ઘણા તારયો વીદુરજી હરી.
મારી તાડીકા સુબાહુ મુની ઊગારયા તહાં પ્રભુ
વીનતી હું એક કહું પાર ઊતારયોજી હરી
મુને આસા છે તાહરી આ ભવસાગર તારી
કરો સાહે પ્રભુ મારી ચરણે તાહરાજી હરી.

ગાયન ૩૦મું.

(રાગ—આજ સ્યામ મોહીલીનો બાંસરી બજાઇ રે)

હરીના ભજન વીના સંસાર ના કમાઇ રે
સાગર વચે હોડી છે તેને પાર ઊતારી દે
સાથ ના કો આવે ભાઈ અલપ છે સગાઈ રે હરી.
ભાઇ બેહેન કુટુંબ સાથ ના સગા માને બાપ
ધંન દોલત મેહેલ માલ એની છે સગાઇ રે હરી.
ભજી લેની તું શ્રી કૃપાળ સનસાર છે આ અલ્પ કાળ
પુન જે કરેલ હશે તેજ આવે ધાઇ રે હરી.

ગાયન ૩૧મું.

દોહોરો.

બાણની જણુ તો ભગત જણુ કયાં દાતા કયા સુર,
નહીંતર રેજે વાજણી મત ગુમાવીશ નુર.

ગાયન ૩૨ મું.

રાગ—બીક લાગેછે બાઈ બાપુ પાસે જાતા મુજનેરે)

ભજી લે મન શ્રી હરી તું વૈકુંઠ જાવારે,
ન ભજેતો પડસે માર જમના ખાવારે ભજીલે.

છે સનસારની એ રીતી પ્રભુ સુ બાંધવી પ્રીતી,
ન કરવી પાપ અનીતી લે હરીનું નામ સ્વર્ગ જાવારે ભજી

જે પાપ કરયા હશે હાથે-નથી લેતા કુટુંબ માથે,
ધરમ પુન તે સાથે-નીત ધરમ કરવું હરીગુણ ગાવારે-ભજી.

ભજી લે રાત દીન રહી હરી સેવામા લીન,
કરી ભગતી નીસદીન વીનતી કરી હરી મનાવવારે ભજી.

નીસદીન હરીમાં લપટાઈ-સત મારગ ચલજો ભાઈ,
હરી ચરણુમાં લપટાઈ-સમજી લેતુ જીવડા સતમારગ સાવારે.

ગાયન ૩૩ મું.

(રાગ—દેસી સત તણી આવી)

ઠાકોરજી ભજીલો ભાઇ ના રહો માયામા લપટાઇ

કોણુજ માને કોણુજ બાપ,
રહ્યા સંબંધે લપટાઇ (બે વાર)
કાળ આવીને લઈ જસેરે,
લીધી પાલખી સાહી ઠાકોરજી.

દાન પુન કાર્ય કરયા નહીને,
સદા રહો મોઝમા મ્હાલી
બાંધીને જમ મારસેરે,
ધન દોલત નાખો બાળી ઠાકોરજી.

રહો નહી તમે ભુલ ખાઈને રે,
શ્રી હરી ને સેવો
હરજી વીના કાઈ કામ ના આવે,
ફોગટ જાય છે ફેરા ઠાકોરજી.

ગાયન ૩૪ મું.

ભનજારો.

હું પ્રભુને ભજવા ચાહાવું પણ સનસારમા લપટાવું,
દીલમા ધારૂં એમ જીવ થસે ત્હારૂ કેમ રે.
ઘડી ના હરીગુણ ગાવુ પણ સંસારમા લપટાવુ.
છે પ્રભુની ગતી નારી લે સંકટમાથી ઉગારી રે,
પણ વચમા હુ અટકાવું પણ સંસારમાં લપટાવું.

ગાયન ૩૫ મું.

(રાગ—મનહારની મને શે પાપ થાયે રે)

હે પ્રભુ ભજતા ભવસાગર તરાયેરે,
જગત તાત વીસ્વ વીખ્યાત નોધારા આધારરે હે પ્રભુ
કરમજ ત્હારા હોયજ સારા ભજીસે કીરતારરે હે પ્રભુ
મુઢ બની જીવ બેસીજ રેસે ખાશે જમનો માររે હે પ્રભુ
પ્રભુ સમરજીવનીરંતર ગાઇભવસાગર તર બાહારરે હે પ્રભુ

ગાયન ૩૬ મું.

(રાગ હવે કર્ડા નહી અંતર પુરમાં)

જીવને નીસદીન હઠ લઇને પ્રભુને ભજવા ચાહાવુ રે,
નીસફલ જાયે છે જનમજ માહારો અપણીચ ગોથા ખાવું રે

હરીરસ મુજને બહુ પ્યારો ભજના હુ અકળાવુરે,
સંકટ સીરપર પડે પાછળથી જીવને રહે પસતાવુરે.

સીરપર ત્હારા કાળ ભમે છે હરી ભજનનુ કેવુંરે,
જમ લઈ જસે ત્યાં માર ખાસે પડસે તુજને સ્હેવુરે.

ગાયન ૩૭ મું.

(રાગ—માખણ માખણ રોટી)

રામ ત્હારા નામ ઉપર જાતું વારી (બે વાર)

અલ્લા ને તારી ને ગુણકા ઓધારી
એવા છો દેવ મોરારી.
દુસ્ટ દુરયોધન (સંભા) દ્રુપતી ઉગાગી.
ચીર પુરયા વનમાંલીરે રામ ત્હારા.

સીંધુ ઉપર સેતુરે બાંધયો,
લંકા વીભીક્ષણ આલી.
સુગ્રીવ સારૂ સત તાડવીધી,
મારયો વાદર વાલી રામ ત્હારા.

સુદામાનુ દલીદર ટાલ્યુ,
ચલમા તે માયા દેખાડી
કસ્તીને કાજે સતપર થઈને
મારયા સુબાહુ તાડી રામતહારા.

સેવકની સાહે થાવો પ્રભુજી,
વ્હારે ચડો વનમાળી
સતમારગ આપો સેવકને,
સુખ આલી દુઃખ ટાળી રામ ત્હારા.

મહેર મહેર કરી આપ્યો પ્રભુજી,
દુશ્મન સરવે ટાળી,
સેવક ત્હારાની નીંદા કરે તેને,
મોહોપર મેસ કાળી રામ ત્હારા,

ગાયન ૩૮ મું,

(રાગ રચ્યો મંડપ આજ)

હરીના નીત ગુણ ગાના.

તેથી મંગળ થાસે,
પાપ સરવે જાસે
દુઃખ સરવે નાસે,
નીત ભંજન કરના. હરીના,

રામ રંભાને મોકલશે,
સંકટ ત્હારા હરશે
એક ઘરી પ્રભુ પાસે
હરી નામ સમરના હરીના.

ગાયન ૩૯ મું

(રાગ સેઠાણી આમ શુ કરો) અઠના નવો)

કેમ ભુલ્યો તુ પ્રભુને ભજવા દુઃખ હરતા--સુખ કરતા
સંકટ વીસે વારે ચડતા ... ...કેમ...

વણ સમજ હરતા પછી આહતા દુઃખ સીર પડતારે
સાને દીલમાં સંકટ હરતા ...કેમ...

લજાતંત થઈને નામજ લઈને હરી નામ દઈનેરે
સુમરણ કરે વારે ચડતા ...કેમ...

તન ધરીને આવ્યો ફરીને પાપ કરીનેરે
રહે પછી રહજલતા ...કેમ...

ગાયન ૪૦ મું.

ગીતી.

જનમ મરણ દુઃખ હરણ ચરણ શ્રી હરીના સેવો
એ પ્રભુ અભરા ભરણ તરણ તારણ છે તેવો.

ગાયન ૪૧ મું.

(રાગ—કંચબીન જીયા કેસે જાય)

બાઇ સૌ ભજી લ્યો શ્રી રામ છોડીને અભીમાન,
નાર પોતાની નથી થવાની બાઈ ના આવે કામ
બાપ કહેસે એ પુત્ર મહારો મુવા પછી એક રામ બાઈ.

ધરમ કરસો, સંસાર તરસો, નહીતો નરકેનું ધામ,
સાચુ નામ શ્રી હરીનું ધન દોલત નહી દામ ભાઇ.

સમજી પ્યારા બંધુ હમારા ભજી લ્યો સીરામ
ભવસાગર તરી ને ન્હાર બેસો વૈકુંઠ ધામ ભાઇ

ગાયન ૪૨ સું.

(રાગ--વેલા ઉગાડોની હવાર)

ભજીલો ભગવાન પ્રાણી સઉ ભજી લ્યોને
ધરમમાં રાખો ધ્યાન પ્રાણી સઉ ભજી લ્યોને
હરી પર રાખો મન પ્રાણી સઉ ભજી લ્યોને

મરશો ત્યારે એકલા દોલત ધન નહીં સાથ
સંસાર સઘળો છોડીને જાવું જમની સાથ પ્રાણી.

હરીની સેવા ન કરે થાયે દુઃખી તે જન
હરીના ગુણ ગાય છે રહે સુખી નીશદીન પ્રાણી.

કરતા હરતા પ્રમેશ છે દુઃખ તણા હરનાર
હું સેવક હું તાહેરો પાપ સરવે નીવાર. પ્રાણી.

ગાયન ૪૩સું.

ગીતી.

કષ્ટ હરણ સુખ કરણ ધરણ ધરણી ધીમતો
સુખ નીધી અંસરણ સરણ વરણ ઊજવલ ગુણવંતો

ગાયન ૪૪મું.

(રાગ—ભેખ ઊતારો રાજા ભરથરી.

જગતમાં જનમીને સું કરયું ઓલખ્યા નહીં અવીનાસજી
જુઠામાં મોહ્યું જીવડા પડયો કાળને પાસજી
ભુંડા માયાળુ તું જીવડા
દાન દયા સત સીખતા એવું ના લીધું ઊરજી
જગકર્તા સંભારયા નહીં કામ કરયા બહુ ક્રુરજી
ભુંડા માયાળુ તું જીવડા
સાચાને જુઠા પાડતા લીધી લોકની લાંચજી
સત ચાલી ધરમ મારગે ના આવે આંચજી
ભુંડા માયાળુ તું જીવડા
વેવાર વતંન બહુ કરયા મમતા બાંધી તેં હદજી
દોગટ ધંન અફળ ગયું ગાયા નહીં ગોવીંદજી
ભુંડા માયાળુ તું જીવડા

ગાયન ૪૫મું.

(રાગ—ચીતતી ધરજો ધ્યાન.)

ભજી લ્યો ભગવાન જન સહુ ભજી લ્યો ભગવાન
દુઃખજ હરતા સુખજ કરતા રાત દીન ધરો તેનું ધ્યાન જન.
ધાનજ ધરશો પાર ઊતરશો ભજી શ્રી ભગવાન જન.
જેવું કરવું તેવું ભરવું જેથી રે શોભા માન જન.
બધુ એ સમજી ભજો હરજી બેસો વઇકુંઠ ધામ જન.
કરોની સેવા શ્રી હરી દેવા ધરો તેનું ધ્યાન જન.

ગાયન ૪૬મું.

(રાગ—તમે કામણ કરી કાયા.)

તમે માનો સીખામણ ભાઇ પ્રભુને ભજીએ
પાયે લાગી કરો પ્રનામ હરીને જાણીએ
આ સંસાર સઘળો ખોટો મન વીચારો
તમે કરો પુન ને દાન આવસે આરો
ન કરો પાપનું કામ જરા તો ડરીએ—પાયે લાગી
જેમ અપીણી પીયે અપીણ લવે જેમ સેહેરી
તેમ ભજો પ્રભુ નીસ દીન માળા પેહેરી
ભજને ભગવાન ભવસાગર તરીએ —પાયે લાગી

ગાયન ૪૭મું.

(રાગ પ્રીય પ્રતાપસીંહ પ્રવીત.)

કાલ ફરે નીસદીન મૃત્યુ આવી અડયુ રે
લીધુ ના પ્રભુ નામ નહી ને આવ્યો ત્યારે કોણ દઈને
દાન પુન કાંઈ નહીં મેં કરયું રે--કાલ ફરે.
સમર પ્રભુજી થઈને ગરજી
લખું હું અરજી સંકટ હરયું રે—કાલ ફરે,

ગાયન ૪૮મું.

(રાગ—મને દીધી બોલાવીને.)

પ્રભુ મ્હારા સુને પ્યારા વીનવીયે હસ્ત જોડીને પ્રભુ.
સેવક તારા ના કરો ન્યારા તારો આ ડુબતી હોડીને ,,
વીનવીએ આજ રાખો મમ લાજ હરો દુ:ખડા હમારા ,,
અહો માહારાજ નીત શુભ કાજ કરો શુખડા સેવકને આ ,,

ગાયન ૪૯મું.

દુહો.

આ પુસ્તક રચતા પ્રેમ સુ લીધો અરથ હાથ,
ચોપડી રચતા સાહે કરો દાસ તાહરો છે માત,
પ્રતાપ ત્હારા થકી સદા ભોગવું સુખ,
રીઝવવા સહુ લોકને બાંધવા પુસ્તક ઝુમ્પ.
નામ તહારૂં નીત લહું ધરૂં છું તારૂં ધ્યાન,
ખુસી ખુસાલી આપજે રસ પડે એવી વાન.
દયા સેવકના પર કરી રીઝ દો મુજ માત,
બંને પુસ્તક રચતા સાહે કરો હુર હર અંબેમાત.
નાદાન છું હું સેવક એકલો કરૂં છું હું કામ,
વણ બીજું કોઈ નથી બનાવી ધરી હામ.
નાજુક નાહનું બનાવ્યું નામ "હરીગાએન",
રમકડા જેવું દીસતું વીનવું શ્રીમાએન.
નાન દીવસ ઉપર થયા બાહાર પાડયું તરત,
કરે શાહે જો અંબીકા હાસ્યરસ અમરત.
રીજ મીત્રો તણી લઈ રચ્યું આ નીરધાર,
ગણુ માહેરૂં નથી પાર ઊતારયો સાર.
રાગ ઘણા નાટકના દીવ્ય ગાનું નીરધાર,
ઠામ કોઈ ભુલ ચુક હસે છે તમે ગુણીસાર.
કોઈ નર કર ચલાવસો સુધારશો મમ મીત્ર,
રસ ઘણો છે એહમાં રાગીઆમાણું છે પવીત્ર.
કારણ દીલ ખુશી કરો તમ હરખાવો કાયે,
સંવત ઓગણીશ ૫૧ના (૧૧) અખાડ સુદ માહે

સમાપ્ત.

સુચના.

પ્રીય આર્ય બંધુઓને ખબર આપવામાં આવે છે કે આ ચોપડી નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીમતે મળશે. નૉટ પેડ કાગલ લીધામાં આવશે નહીં.

શુરત—નાથાલાલ માણેકજીવનદાસ ઠેકાણું બેગમપુરા ભુલા મોદીને ચકલે તંબકુનાથની સામુ તથા રેવાશંકર રંગીલદાસ ઠેઠ ગોપીપરા નાગર ફળીઆમાં તથા ફુલચંદ લલુભાઈ ઠેઠ સંગાડીઆવાડ બાલવઈદના ખાંચામાં.

મુંબાઈ—જમનાદાસ નરોતમદાસ ઠેઠ માંગા વાડી સામુ કસારા ચાલીમાં.

ભરૂચ—ગુલાબસીંહ જેસીંહ ઠેઠ હાજીખાના બજારમાં.

વડોદરા—જેસીંહ રતનસીંહ ઠેઠ લક્ષમીવિલાસના રાજમેહલની પાશે બંગલાનામાં.